GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ઝાંસડી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- 664 તા.- 30/04/2021

પ્રતિ,
મુ.શિ./આચાર્યશ્રી,
તમામ શાળા,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

વિષય:- શાળામાં વેકેશન બાબત.

સંદર્ભ:-(૧) ગુ.રાજયશિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ સચિવાલય,ગાંધીનગર.
તા- ૨૮/૦૪/૨૦૨૧ અન્વયે.
(૨) પ્રા.શિ.નિ.ની કચેરીનાં પત્ર ક્રમાંક:પ્રાશિનિ/છ.૨/સંકલન/૨૦૨૧/૧૮૮૧-૨૦૫
તા.૨૯/૦૪/૨૦૨૧ અન્વયે

જત ઉપરોકત વિષય અને સંદર્ભ-૧ અને ૨ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગનાં તા.૨૧/૦૯/૨૦૧૯નાં સંદર્ભ (૧) નાં જાહેરનામાથી બાળકોનાં મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ -૨૦૦૯ની કલમ ૨૪માં (h) થી (i) સુધીની જોગવાઇઓ ઉમેરવામાં આવેલ છે. ત્યારબાદ શિક્ષણ વિભાગનાં તા.૦૪/૦૨/૨૦૨૦નાં સંદર્ભ(૨) હેઠળનાં ઠરાવથી રાજયની પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવાનું ઠરાવવામાં આવેલ છે. શિક્ષણ વિભાગનાં તા.૨૪/03/૨૦૨૦નાં સંદર્ભ (3) નાં ઠરાવથી નોવલ કોરોના વાયરસ(covid-19)નાં સંક્રમણને કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. જેના અનુસંધાને તાજેતરમાં નોવેલ કોરોના(કોવિડ-૧૯)નાં સંક્રમણમાં વ્યાપક વધારાને કારણે ઉપસ્થિતિ થયેલ પરિસ્થિતિને ધ્યાને રાખી નીચે મુજબની સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) બાળકોનાં મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ની કલમ-૩૮ હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રસિધ્ધ કરવામાં આવેલ તારીખ.૨૧/૦૯/૨૦૧૯નાં સંદર્ભ(૧) હેઠળનાં જાહેરનામાનો અમલ આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧માં મોકુફ રાખવામાં આવે છે.પરંતુ આ જાહેરનામાની જોગવાઇઓનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ-૨૦૨૧-૨૨ થી કરવાનો રહેશે.

(૨) શિક્ષણ વિભાગ દ્વારા તા.૦૪/૦૨/૨૦૨૦ તથા તા.૨૪/03/૨૦૨૦નાં ઠરાવથી તમામ શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. પરંતુ સાંપ્રત વૈશ્વિક કોરોના મહામારીની સમસ્યાને કારણે નવું શૈક્ષણિક વર્ષ અગાઉ મુજબ અર્થાત ઉનાળુ વેકેશન પૂરૂ થયેથી શરૂ

કરવાનું રહેશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં શાળાઓમાં ઉનાળુ વેકેશન તા.0૩/૦૫/૨૦૨૧ થી
તા.૦૬/૦૬/૨૦૨૧ દરમ્યાન રહેશે.
(૩) કોરોના વાયરસ (COVID-19)નાં સંક્રમણથી ઉત્પન્ન થયેલ વૈશ્વિક મહામારીને નિયંત્રિત કરવા માટે
રાજય સરકાર તથા સ્થાનિક તંત્ર દ્વારા રાજયની સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓનાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી/અધિકારીઓ પૈકી જે
કર્મચારી/અધિકારીઓને કોઇ કામગીરી સોંપવામાં આવેલ ન હોય તેવા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક
કર્મચારી/અધિકારીઓએ શાળાએ આવવાનું રહેશે. નહિં. પરંતુ જયારે પણ રાજય સરકાર / સ્થાનિક
સત્તાતંત્ર દ્વારા કોઇપણ કામગીરી સોંપવામાં આવે તો તેના અનુસંધાને રાજય સરકાર /સ્થાનિક સત્તાતંત્ર
દ્વારા આપવામાં આવતી તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તેમજ તાત્કાલીક ફરજ પર
હાજર થવાનું રહેશે. અનિવાર્ય સંજોગોમાં કોઇએ પણ લાંબા સમય માટે બહાર જવાનું થાય તો અત્રેની
કચેરીની મંજુરી મેળવી લેવાની રહેશે.
(૪) દિવ્યાંગ અને સગર્ભા મહિલા કર્મચારીઓને વેકેશન રહેશે.
(૫) વેકેશન દરમ્યાન COVID-19 અંતર્ગત ફરજ બજાવતાં કર્મચારીઓને નિયમોનુસાર / સરકારશ્રી
તરફથી ભવિષ્યમાં કોઇ ગાઇડલાઇન બહાર પાડવામાં આવે તે મુજબનાં લાભો મળવાપાત્ર રહેશે.
(૬) તમામ મુ.શિક્ષકે વેકેશન દરમ્યાન કોવિડ-૧૯માં ફરજ બજાવતા શિક્ષકોની કામગીરીની નોંધ
રાખવાની રહેશે.
(૭) ધો-૧ થી ૮ નાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી તા-૦૧/૦૫/૨૦૨૧નાં રોજ વર્ગ બઢતી
આપવાની રહેશે. કોવિડ-૧૯નાં વધતા સંક્રમણને ધ્યાને લઇ વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવા નહિં તેમજ
વધુ વાલી એકત્ર ન થાય તેની તકેદારી રાખવી.
(૮) ઉપરોત તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

નકલ રવાના:-
(૧) ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી / તમામ નિરીક્ષક
(૨) તમામ યુ.આર.સી./સી.આર.સી.